બગોદરા હાઇવે પર નવાપુરા પાટિયા પાસે દુર્ઘટના

# દિવ્યપથ સ્કૂલની બસ અને ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત

**૨૧થી વધુ વિદ્યાર્થી ઘાયલ : ઇજાગ્રસ્ત તમામ વિદ્યાર્થીઓ સોલા સિવિલ હોસ્પિટલ-ઝાયડસ હોસ્પિટલમાં દાખલ**

અમદાવાદ,તા. ૮

અમદાવાદ-બગોદરા હાઈવે પર નવાપુરા ગામના પાટિયા પાસે




આજે સવારે શહેરના મેમનગર વિસ્તારમાં આવેલી દિવ્યપથ હાઈસ્કૂલની સ્કૂલ બસ અને એક ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. ટ્રકની જોરદાર ટકકરથી ભુક્કો થઇ ગયેલી બસમાં ૨૧થી વધુ બાળકોને વત્તાઓછા અંશે ઈજા પહોંચી હતી. જો કે, સદ્ભાગ્યે કોઇ વિદ્યાર્થી કે બાળકનો જીવ નહી જતાં સૌકોઈએ રાહતનો દમ ખેંચ્યો હતો. બીજીબાજુ, સ્કૂલ બસને અકસ્માત નડતાં વિદ્યાર્થીઓમાં ભારે રોકકળ અને ચીસાચીસ મચી ગઈ હતી. બીજીબાજુ, વિદ્યાર્થીઓના વાલીઓનો જીવ ઉંચો થઈ ગયો હતો અને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈજાગ્રસ્ત મોટાભાગના વિદ્યાર્થીઓને એસજી હાઈવે પરની સોલા સિવિલ હોસ્પિટલમાં અને કેટલાક વિદ્યાર્થીઓને ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બીજીબાજુ, ચાંગોદર પોલીસે ઘટનાસ્થળે પહોંચી ટ્રકચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી હતી. દરમ્યાન સ્કૂલ બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માત બાદ બાળકો-વિદ્યાર્થીના કરૂણ દ્રશ્યો જોઇ રોષે ભરાયેલા સ્થાનિક લોકો-ગ્રામજનોએ હાઈવે પરની એક દુકાન અને લારીને નિશાન બનાવ્યા હતા અને આગ ચાંપી હોબાળો મચાવ્યો હતો. લોકોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઇ હાઈવે પણ ટ્રાફિક ચક્કાજામ પણ કરી દીધો હતો. છેવટે પોલીસે ઘટનાસ્થળે આવી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી અને ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને સારવાર માટે ખસેડયા હતા. આ બનાવની વિગત એવી છે કે, શહેરના મેમનગર વિસ્તારમાં આવેલી દિવ્યપથ હાઈસ્કૂલની બસ આજે સવારે બાવળા ખાતે વિદ્યાર્થીઓને લઈને અમદાવાદ તરફ આવી રહી હતી ત્યારે ચાંગોદર નજીક નવાપુરા ગામના પાટિયા પાસે એક ટ્રકચાલક બેફામ ઝડપે આવ્યો હતો અને સ્કૂલબસને સામેના ભાગે ટક્કર મારી હતી. ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે, સ્કૂલબસનો ભુક્કો બોલી ગયો હતો. આ જોરદાર અકસ્માતને પગલે નિર્દોષ વિદ્યાર્થીઓ અચાનક જ ડઘાઈ અને હેબતાઈ ગયા કે શું થયું. બેઘડીમાં તો વિદ્યાર્થીઓમાં ચીસાચીસ અને રોકકળ મચી ગઈ હતી. અકસ્માતને પગલે સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ વિદ્યાર્થીઓને સાવચેતીપૂર્વક ભુક્કો થયેલી સ્કૂલબસમાંથી બહાર કાઢયા હતા. જોરદાર એવા અકસ્માતમાં ૨૧થી વધુ બાળકો ઘાયલ થયા હતા. જેને પગલે તમામ ઈજાગ્રસ્ત અને પીડામાં કણસતા બાળકોને તાત્કાલિક સોલા સિવિલ અને કેટલાકને ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બીજીબાજુ, અકસ્માતને પગલે સ્થાનિક લોકો અને ગ્રામજનો રોષે ભરાયા હતા અને હાઈવે પરની બાજુની દુકાન અને લારીને નિશાન બનાવી આગ ચાંપી દીધી હતી અને હાઈવે પર ટ્રાફિક ચક્કાજામ કર્યો હતો. જેને લઈ વાતાવરણ તંગ બની ગયું હતું. જો કે, પોલીસે ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

## રસ્તા પર જ કણસતા વિદ્યાર્થીને સૂવડાવાયા

ટ્રકની ટક્કરથી ભુક્કો બોલી ગયેલી દિવ્યપથ હાઈસ્કૂલની સ્કૂલ બસમાંથી વિદ્યાર્થીઓને માંડ માંડ સાવચેતીપૂર્વક બહાર કાઢી તેઓને હાઈવેના રસ્તા પર જ સૂવડાવી દેવામાં આવ્યા હતા. જયાં રસ્તા પર જ વિદ્યાર્થીઓ ચીસાચીસ અને રોકકળ સાથે પીડામાં કણસતા રહ્યા હતા. જયાં સુધી ૧૦૮ આવી ત્યાં સુધી રસ્ત પર પીડામાં કણસતા વિદ્યાર્થીઓના કરૂણ દ્રશ્યો જોઇ સ્થાનિકો અને રસ્તા પરથી વાહનચાલકો પૈકીના કેટલાકની આંખો ભીની થઇ ગઇ હતી. લોકોમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી. બાદમાં તમામ વિદ્યાર્થીઓને સોલા સિવિલ અને ત્યાંથી કેટલાક બાદમાં ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા.

# ૧૬ વખત પાસા હેઠળ ધકેલાયેલો વોન્ટેડ બુટલેગર રાજુ ગેંડી આખરે ઝડપાયો

**ફોર્ચ્યુનર ગાડી લઇને ગાંધીનગર કોર્ટ આવેલા રાજુ ગેંડીને એલ.સી.બી.ની ટીમે દબોચી લીધો**

ગાંધીનગર, તા.૮

રાજયનાં અલગ-અલગ જીલ્લાઓમાં વિદેશી દારુનાં વેપલાનાં ગુનામાં ઘણી વાર પકડાઈ ચુકેલા અને જેને ૧૬-૧૬ વખત પાસા હેઠળ ધકેલવામાં આવ્યો છે તે વોન્ટેડ બુટલેગર રાજુ ગેંડીને ગાંધીનગર એલ.સી.બીની ટીમે ગાંધીનગર કોર્ટ પાસેથી દબોચી લીધો છે. ફોર્ચ્યુનર ગાડી લઈને ગાંધીંગર કોર્ટ પાસે રાજુ આવ્યો હોવાની બાતમી મળતા એલ.સી.બીની ટીમે તેને પકડી પાડ્યો છે. ગાંધીનગર જીલ્લાનાં ડભોડા પોલીસ સ્ટેશનનાં ગુનામાં પણ આ શખ્સ વોન્ટેડ હતો. તેની ધરપકડ કરી એલ.સી.બી એ આરોપી ડભોડા પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઇ જે.ડી.પુરોહીતની



સુચનાથી તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા સક્રીય છે. પી.એસ.આઇ એચ.કે.સોલંકીની ટીમ આ દિશામાં સક્રિય હતી દરમ્યાન હે.કો નરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે વોન્ટેડ બુટલેગર રાજુ ગેંડી રૂપચંદ ક્રિષ્ણાની ( રહે. સરદારનગર, અમદાવાદ) ફોર્ચ્યુનર ગાડી નં.જીજે ૧ આર.ઈ ૫૨૮૪ લઈને ગાંધીનગર કોર્ટ પાસે આવ્યો છે. આ બાતમીને આધારે કોર્ટ પાસે જઈને રાજુ ગેંડીને એલ.સી.બીની ટીમે ઝડપી પાડ્યો છે. રાજુ ગેંડી વિરૂધ્ધ ૧૬ વખત પાસા હેઠળ કાર્યવાહી થઈ હોવાનું જાણવા મળ્યુ છે. આ શખ્સ અત્યારે ડભોડા પોલીસ સ્ટેશનનાં તથા રામોલ પોલીસ સ્ટેશનનાં , સરદારનગર પોલીસ સ્ટેશનના બે અને ગાંભોઈ પોલીસ સ્ટેશનનાં પ્રોહિબીશનનાં ગુનામાં નાસતો ફરતો હોવાનું તપાસમાં જાણવા મળ્યુ છે. મોબાઈલ અને ફોર્ચ્યુનર જપ્ત કરી રાજુ ગેંડીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાપુ કોલેજના વિદ્યાર્થીઓનો ‘વ્હિકલ સ્પોટ સ્પીડ સર્વે’

**સિવિલ ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓના સર્વેનું પૃથ્થકરણ ભવિષ્યમાં રોડ નિર્માણ તથા અકસ્માતો ઘટાડવા ઉપયોગી બનશે**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર પાસેના વાસણ ખાતેની શંકરસિંહ બાપુ કોલેજ ખાતે સીવિલ ઈજનેરી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા મુખ્ય માર્ગ પર વ્હિકલ સ્પોટ સ્પીડ સ્ટડી સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વેને ચાર વિભાગમાં કરવામાં આવ્યો હતો જેના પૃત્થકરણો બાદ ભવિષ્યમાં હાઈવેની ડિઝાઈન અને માપ વગેરેની રચનામાં ઉપયોગી નિવડશે તેવું માનવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર શહિત સમગ્ર રાજયમાં વધી રહેલા માર્ગ અકસ્માતો ચિંતાજનક છે. દિવસે ને દિવસે વાહનોની સંખ્યામાં થઈ રહેલો બેફામ વધારો પર્યાવરણ સહિત માર્ગ સલામતી અંગે પણ ગંભીર પરિસ્થિતિ સર્જી રહ્યો છે. આ સંજોગોમાં શંકરસિંહ બાપુ કોલેજના સીવિલ ઈજનેરી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગર-માણસા મુખ્ય માર્ગ પર સ્પોટ સ્પીડ સર્વે હાથ ધરાયો હતો. જેમાં ટુ-વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર અને હેવી વ્હિકલ્સ જેવા ચાર વિભાગમાં માહિતી એકત્ર કરવામાં આવી હતી.

સર્વેમાં સમેલ વિદ્યાર્થી તિર્થરાજસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર આ સર્વેમાં એક ચોકકસ સમયગાળામાં પસાર થતા વાહનોની સંખ્યાની ગણતરી કરવામાં આવી હતી. જેનું પૃથ્થકરણ આગામી સમયમાં ટ્રાફિકને લગતી સમસ્યા ઉકેલવામાં ઉપયોગી નિવડશે.

પ્રોફેસર મિતલ પટેલના જણાવ્યા અનુસાર અત્યારના સંજોગોમાં વધી રહેલા માર્ગ અકસ્માતોની સંખ્યા માટે વાહનોની ઝડપ અગત્યનું પરિબળ છે. સર્વેમાં વાહનોની સ્પીડ અને ગીચતા આ સર્વે દ્વારા માપવા કોશિષ કરાઈ છે જેના થકી ભવિષ્યમાં રોડ નિર્માણ દરમિયાન માપ-ડિઝાઈન અને એલિવેશન જેવી બાબતો સુધારવામાં મદદરુપ થશે તેમજ માર્ગ અકસ્માતો ઘટાડવાની દિશામાં ઉપયોગી નિવડશે.



## યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડમાં ગાંધીનગરનું ગૌરવ ભાર્ગવ જોષી

ગાંધીનગર, તા.૮

યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ ગાંધીનગર ડીવીઝનમાં સમાવિષ્ટ ગાંધીનગર, મહેસાણા, પાલનપુર, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ અને અરવલ્લી સાત જિલ્લાઓના



એડવાઈઝરોને લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો.

જેમાં ગાંધીનગરના એડવાઈઝર ભાર્ગવ જોષીએ લક્ષ્યાંક કરતાં વધુ કામગીરી કરેલ છે અને યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ એ.એમ.એસી.એ ભાર્ગવ જોષીને ‘શ્રીલંકા’ સન્માનિત કરવા તથા એવોર્ડ લેવાનું આમંત્રણ આપેલ છે. ભાર્ગવ જોષીએ સર્વશ્રેષ્ઠ કામગીરી કરીને ગાંધીનગરનું નામ રોશન કર્યુંછે. ભાર્ગવ જોષી અને તેમના પત્ની શ્રીમતી દેવલબેન જોષી તા. ૧૧-૯-૨૦૧૭ના રોજ શ્રીલંકા જવા રવાના થશે.



સે-૮ ચર્ચ ખાતેથી મધર મેરીના જન્મદીન પ્રસંગે સાંજે ભવ્ય યાત્રા નીકળી હતી. આ યાત્રા ચ-૩ થી આગળ વધતા ૭/૮ બસ સ્ટેન્ડ થઈ સે-૮ના આંતરિક માર્ગો પર પસાર થઈ ચર્ચ ખાતે પરત ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તી સમાજના ભાઈ-બહેનો જોડાયા હતા.

## વિશ્વકર્મા સુથાર સમાજનો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૮

શ્રી વિશ્વકર્મા સુથાર સમાજ વલ્લભવિદ્યાનગર આયોજિત જીવનસાથી પસંદગી મેળાના ફોર્મ ભરવા અંગે સમાજની ઓફિસમાંથી રૂબરૂ કે પોસ્ટ દ્વારા ફોર્મ મેળવી સંપૂર્ણ માહિતી સાથે પાસપોર્ટ સાઈઝના ફોટા સહિત ફોર્મ ભરી મોકલવાના રહેશે. દિવ્યાંગ, વિધવા, ત્યકતા કે છુટાછેડાવાળા પણ ફોર્મ ભરી શકશે. વધુ માહિતી માટે ફોન નં. ૦૨૬૫ ૨૪૧૬૧૬૧ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# રાસલોડના છ યુવાનો એક વર્ષ પહેલાં ડુબી જવાની ઘટનાની સુનાવણી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ગળતેશ્વર ખાતે એક વર્ષ પહેલા સાબરમતી નદીમાં ડુબી ગયેલ છ યુવાનોના વાલીઓએ ફરીયાદ પ્રાંતિજ પોલીસ દ્વારા દોષિતો સામે આજ દિન સુધી દાખલ ના કરતાં કોર્ટ દ્વારા પ્રાંતિજ પોલીસને આગામી સુનામીમાં હાજર રહેવા આદેશ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના ગળતેશ્વર ખાતે આવેલ સાબરમતી નદીમાં એક વર્ષ અગાઉ પ્રવિત્ર રક્ષાબંધના દિવસે છ યુવાનો નદીમાં સ્નાન કરવાં ગયાં હતા અને નદીમાં લીઝ ધારકો દ્વારા નિયમોને નેવે મુકી અને ભૂસ્તરશાસ્ત્રીયઓની મીલીભગતથી નિયમ વિરૂધ્ધનું રેતીની ભુખમાં અને પૈસા કમાવવાની લ્હાયમાં ખોદકામ કર્યું હતું અને જેને લઈને ગળતેશ્વર ખાતે સાબરમતી નદીમાં ન્હાવા પડેલ છ યુવાનો ડુબી જવાથી મોત નિપજ્યું હતું જેને લઈને જે તે સમયે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં દોષિતો સામે મુકત યુવાનોનાં વાલીઓ દ્વારા ફરીયાદ દાખલ કરવાં ગયાં હતાં પણ ફરીયાદ દાખલ થઈ ન હતી અને જે સંદર્ભે મામલો કોર્ટમાં ગયો હતો અને કોર્ટ દ્વારા તા.૪-૪-૨૦૧૭ના રોજ સદર કેસની તપાસ કરી કેસ દાખલ કરવાનો હુકમ કરવા છતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન દ્વારા સદર ગુના માટે કોઈ પોલીસ ફરિયાદ દાખલ ના કરવામાં આવતાં મૃતક યુવાનોના વાલીઓ દ્વારા ફરી નામદાર હાઈકોર્ટના દ્વાર ખવડાવ્યા હતાં અને પટેલ દિપકકુમાર ચતુરભાઈ રહે. રાસલોડ દ્વારા કોર્ટમાં ન્યાયની માંગણી કરતાં કોર્ટ દ્વારા પ્રાંતિજ પોલીસને આગામી સુનાવણી માટે હાજર રહેવા આદેશ કરવામાં આવ્યો છે. ત્યારે હવે જોવાનુંએ રહ્યું કે એક વર્ષ પછી પણ છ મૃતક યુવાનોના વાલીઓને હાઈકોર્ટ દ્વારા ન્યાય મળશે કે કેમ અને દોષિતોને સજા થશે કે શું એ તો હવે જોવાનું રહ્યું.

### ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

ભૂકી અને સરખા ભાગે ચોખ્ખા મીઠાને ભેળવીને તૈયાર કરેલું મિશ્રણ વાપરવા સૂચન કરવા હતા. આ પછી તેઓ મિલનું કપડું છોડીને ગામડામાં હાથે કાંતી-વણીને તૈયાર થયેલી ખાદી વાપરે તથા મિલના ખાંડેલા ચોખાના બદલે હાથે ખાંડેલા અણછડ ચોખા અને ખાંડને બદલે ગોળ ખાશે. આમ ગ્રામોદ્યોગ માટે સહુથી પહેલા જાતથી આરંભ કરો એમ તેઓ સમજાવે છે.

આજે વિશ્વ એક ગામડું બન્યું છે, બજારવાદ હાવી થઈ રહ્યો છે ત્યારે આપણા ભારતને એક ગામડું ગણીને તેના ઉદ્ધાર માટે ગાંધીએ દર્શાવેલી દિશા પ્રમાણે ‘સ્વદેશી’ ના બની શકાય?

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

### સર્ચ ઓપરેશન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી. આ અભિયાન હેઠળ ૮૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલા ડેરામાં તમામ જગ્યાએ ઉંડી તપાસ કરવામાં આવી હતી. આ અભિયાન આવતીકાલે પણ જારી રહેનાર છે. આ સર્ચ ઓપરેશનમાં સુરક્ષા દળો અને જુદા જુદા સરકારી વિભાગોના અધિકારીઓ સામેલ થયા હતા. વહેલી સવારથી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર સર્ચ ઓપરેશનની વિડિયોગ્રાફી કરવામાં આવી હતી. તેના પર નજર જિલ્લા અને સેશન કોર્ટના પૂર્વ ન્યાયાધીશ એકે એસ પવારે રાખી હતી. ડેરાના કેટલા રૂમ સીલ કરવામાં આવ્યા છે તે અંગે વિરોધાભાસી હેવાલ મળી રહ્યા છે પરંતુ પાંચથી વધારે રૂમ સીલ કરી દેવામાં આવ્યા છે. બે રૂમ તો રોકડ રકમ ભરેલા મળ્યા છે. જે સીલ કરી દેવામાં આવ્યા છે. ડેરા હેડક્વાર્ટરની શંકાસ્પદ જગ્યા પર ખોદકામની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. પ્લાસ્ટિકના સિક્કા, રોકડ રકમ, ડેરાથી કોમ્પ્યુટર, હાર્ડડિસ્ક પણ જપ્ત કરવામાં આવી છે. હરિયાણાના માહિતી અને જનસંપર્ક વિભાગના વડા સતીષ મહેરાએ કહ્યું છે કે, આ તમામની તપાસ માટે ફોરેન્સિક ટીમને પણ બોલાવવામાં આવી હતી. સર્ચ ઓપરેશન માટે ડેરાના હેડક્વાર્ટરને ૧૦ જુદા જુદા ઝોનમાં વિભાજિત કરીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સતનામ સિંહ ચોકથી ડેરા સુધીના આઠ કિલોમીટરના રસ્તાને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો હતો. સર્ચ ઓપરેશન માટે અર્ધલશ્કરી દળો, પોલીસના જવાનો, સેનાની ચાર ટુકડી, ચાર જિલ્લાની પોલીસ ટુકડી અને ડોગ સ્કવોર્ડને બોલાવવામાં આવી હતી. ડેરા સંકુલમાં કોઈને પણ મંજુરી વગર પ્રવેશ કરવાની મંજુરી અપાઈ ન હતી. આ સમગ્ર ઓપરેશન દરમિયાન ફાયરબ્રિગેડની ટુકડી ઉપરાંત જમીન ખોદી નાંખવા સાથે સંબંધિ ભારે વાહનો અને ટ્રેક્ટરોનો પણ ઉપયોગ કરાયો હતો. ડેરાની અધ્યક્ષ વિપશ્યના ઈન્સાનું કહેવું છે કે, સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અમે કાયદાનું પાલન કરી રહ્યા છે. સરકારને સહકાર કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડેરા પ્રમુખ ગુરમિત રામ રહીમ સિંહને પંચકુલાની એક કોર્ટે સાધ્વી પર રેપના મામલામાં ગયા મહિને ૧૦-૧૦ વર્ષનીજેલની સજા ફટકારી હતી.

પંચકુલા સ્થિત કોર્ટ દ્વારા રામ રહીમને બળાત્કારના મામલામાં દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ જિલ્લા સહિત અન્ય જગ્યાઓએ ઉપર વ્યાપક હિંસા થઈ હતી જેમાં ૩૫ લોકોના મોત થયા હતા. પંચકુલામાં હિંસામાં ૩૫ લોકોના મોત થયા હતા જ્યારે સિરસામાં છ લોકોના મોત થયા હતા.

### ભયાનક ભૂકંપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ઓઆક્ષામાં એક હોટલ અને સિયાપાસમાં અનેક મકાનો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા છે. ભૂકંપ બાદ માનવીય નુકસાન અને આર્થિક નુકસાન અંગે આગાહી કરનાર યુનાઈટેડ સ્ટેટ જિયોલોજિકલ સર્વે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. દૂરગામી વિસ્તારો સાથે હજુ પહોંચી શકાયું નથી. પરંતુ ભારે ખુવારી અને નુકસાનનો ઈન્કાર કરી શકાય નહીં. મેક્સિકોમાં સુનામીની જાહેરાત કરવામાં આવી હતી. ત્રણ ફૂટ સુધીના મોજા ઉઠળ્યા હોવાની વાત કરવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરીમાં દેશની સેના, મરીન અને ફેડરલ પોલીસ જોડાઈ હતી. આંચકાની અસર મેક્સિકો સિટીમાં પણ અનુભવાઈ હતી. દહેશતમાં મુકાયેલા લોકો ચારેબાજુ નાસભાગ કરતા નજરે પડ્યા હતા. મેક્સિકોની સરહદ અને ગ્વાટેમાલામાં પણ આંચકો અનુભવાયો હતો. સાક્ષીઓના કહેવા મુજબ ધરતીકંપની અસર આશરે ૯૦ સેકન્ડ સુધી રહી હતી. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે આંચકા બાદ બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. જાનમાલના નુકસાનના સંબંધમાં હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. મેક્સિકોની કેટલીક સંસ્થાઓએ કહ્યુ છે કે વર્ષ ૧૯૮૫ બાદથી મેક્સિકોમાં હજુ સુધીના સૌથી વિનાશકારી ધરતીકંપ તરીકે આને ગણવામાં આવે છે. વર્ષ ૧૯૮૫માં મેક્સિકોમાં ઈમારતો ધરાશાયી થઈ હતી. હજારો લોકોના મોત થયા હતા. મેક્સિકો સિટીમાં રહેતા લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. વિનાશ કરી શકે તેવી તીવ્રતા સાથે આવેલા આંચકા બાદ સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે કહ્યુ છે કે નુકસાનને લઈને ચકાસણી ચાલી રહી છે. મેક્સિકોમાં વર્ષ ૧૯૮૫માં વિનાશક ધરતીકંપમાં ભારે તબાહી થઈ હતી. વિશ્વમાં જાપાન, ન્યુઝીલેન્ડ ઈન્ડોનેશિયા સૌથી વધારે ધરતીકંપ પ્રભાવિત વિસ્તારો પૈકી એક છે. હાલમાં ભૂકંપના આંકડામાં ઉંડી તપાસ વૈજ્ઞાનિકો કરી રહ્યા છે.

### ડેરા સંકુલમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે ડેરાના સંકુલમાં ઉંડી તપાસ શરૂ કરવામાં આવી ચુકી છે. હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર કહી ચુકયા છે કે, ડેરાના નામ ચર્ચા ગૃહોમાં તપાસ કરવામાં આવી રહી છે. ડેરાના હેડક્વાર્ટરને ખતરામુક્ત બનાવવા માટે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હોવાના અહેવાલ મળ્યા છે. આજે સર્ચ ઓપરેશન વેળા મોટી સંખ્યામાં સુરક્ષા દળોને સાથે રાખવામાં આવ્યા હતા. કોઈપણ પ્રકારની હિંસા ન ફેલાય તે માટે આસપાસના વિસ્તારોમાં સંચારબંધી અમલી કરવામાં આવી હતી. પ્લાસ્ટિકના બનેલા સિક્કા મળી આવ્યા બાદ આ સિક્કાનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવી રહ્યો હતો તેને લઈને પણ તપાસ કરવામાં આવશે. રિપોર્ટ હરિયાણા હાઈકોર્ટમાં સુપરત કરાશે.

### ભંગાણના એંધાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિહાર કોંગ્રેસ એકમમાં ભારે અસંતોષની સ્થિતી જોવા મળી રહી છે. ૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભામાં કોંગ્રેસના ૨૭ ધારાસભ્યો અને છ વિધાન સભ્યો છે. આ રાજકીય તોફાનની વચ્ચે બિહાર કોંગ્રેસના અધ્યક્ષ અશોક ચૌધરીએ કહ્યુ છે કે કોંગ્રેસ કાર્યસમિતીના કેટલાક વરિષ્ઠ નેતા તેમને હોદ્દાથી દુર કરવા કાવતરા કરી રહ્યા છે. બળવાખોર વર્તન દર્શાવીને અશોક ચૌધરીએ પહેલાથી જ રાહુલ ગાંધી સાથે નક્કી થયેલી બેઠકમાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો છે. તેઓ ટુંક સમયમાં જ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને મળશે. રાહુલ સાથેની મિટિંગમાં ભાગ કેમ લીધો ન હતો તેમ પુછવામાં આવતા ચૌધરીએ કહ્યું હતું કે, નીતિશકુમારના મહાગઠબંધન સાથે છેડો ફાડવાના નિર્ણય બાદ તેઓ બે વખત સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને મળી ચુક્યા છે. અશોક ચૌધરીને ૧૪ કોંગ્રેસી ધારાસભ્યો અને અન્ય ચાર સભ્યોનું સમર્થન છે. જો આ તમામ ચૌધરીની સાથે જતા રહેશે તો કોંગ્રેસની મુશ્કેલી વધી શકે છે.

### સરકારી તબીબો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીઓએ આજે તેમના રિપોર્ટ સક્ષમ અધિકારીને આપ્યા છે.

શનિ-રવિની રજા હોવાથી આ તબીબોએ આજે ઓફિસ સમય દરમ્યાન તેમના આ રજા રિપોર્ટ આપી દીધાનુ જાણવા મળેલ છે.

દરમ્યાન સરકારના આરોગ્ય વિભાગે આ રજાઓ નામંજૂર કરવાની સૂચનાઓ જારી કરી છે. આમ છતાં પણ માસ સી.એલ. પર જનાર તબીબો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાનું મન બનાવી લીધાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

### તડામાર તૈયારીઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધે જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો છે. બીજીતરફ નગરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ પણ જોખમી હાલતમાં છે. ત્યારે સમગ્ર શહેરમાં વૃક્ષોનુ ટ્રીમીંગ અને સફાઈ અનિવાર્ય છે. જો કે આગામી તા ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી ગાંધીનગરની મુલાકાતે આવી રહયા છે. ત્યારે તંત્ર હાલ પુર્વ તૈયારીમાં વ્યસ્ત છે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તંત્ર દ્વારા કોબાથી રાજભવન અને રાજભવન થી મહાત્મા મંદિર સુધીના રૂટની સફાઈ કરવામાં આવશે. આ રૂટમાં આસપાસના ઝાડી ઝાંખરાની સફાઈ ઉપરાંત વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરાશે. જયારે જરૂરી જગ્યાએ સલામતીના ભાગરૂપે લાઈટીંગ પણ ફીટ કરવામાં આવશે.

### દર્દી મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૫૨ અને ૧ દર્દી ૦-૨ની સારવાર પર છે. અન્ય દર્દીઓની સ્થિતિ સારી છે. જિલ્લામાં દિવસ દરમ્યાન જે ગરમીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે તેને પગલે સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યામાં ઘટાડો થતો જોવા મળી રહ્યો હોવાથી તંત્રને થોડીક રાહત થઈ છે. દરમ્યાન ગાંધીનગર શહેરમાં આજે એક પણ દર્દી સ્વાઈન ફલુનો મળી આવેલ નથી.

### તસ્કરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઠીયાઓને ઘણીવાર રંગેહાથ ઝડપી લેવાયા હોવાના પણ દાખલા છે. જયારે ડેપો સંકુલમાં તસ્કરી વૃતિમાં જાણભેદુ મહીલાઓ પણ સક્રીય હોવાનુ પણ અગાઉ ધ્યાને આવ્યુ હતુ. જો કે ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે આમ નાગરિકોની પ્રબળ માંગના અંતે એસ ટી દ્વારા ડેપો સંકુલમાં ગેટ ન-૧ પાસે ટોકન ભાડા દરે જગ્યા ફાળવવામાં આવી છે. જયારે પોલીસ તંત્ર દ્વારા જગ્યાની માપણી પણ કરવામાં આવી હતી. જો કે આ વાતને ૬ મહીનાથી વધુ સમય વિતી ગયો છતા હજુ સુધી ડેપોમાં ચોકી શરૂ કરવા માટે કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી. જેના લીધે તસ્કરોનુ જોર દિનપ્રતિદિન વધતુ જાય છે. એકબાજુ સલામત અને સુરક્ષિત ગુજરાતના નિર્માણ માટે સુરક્ષા માટે વધુ સંગીન પ્રબંધ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં નગરના હાર્દસમા વિસ્તારમાં બિન્દાસ્ત રીતે ખુલ્લેઆમ મુસાફરોના ખિસ્સા કપાતા હોવાથી સુરક્ષા વ્યવસ્થાની સોહામણી વાતો વચ્ચે આમ નાગરિકોની સુરક્ષાના મામલે બિહામણી સ્થિતિ હોવાનુ સ્પષ્ટ થઈ રહયુ છે. આજે પણ ડેપો સંકુલમાંથી એક બાઈકની ઉઠાંતરી થઈ હોવાની ફરિયાદ ધ્યાને આવી છે.